અનુસૂચિત જાતના ઉમદવારાન કામશાયલ
પાયલોટ લાયસન્સ/ટ્રેઈની પાયલટની તાલીમ
માટે નાણાંકીય સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-અજાક-૧૩૦૭-૪૨૩-ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- 17 MAY 2007

વંચાણે લીધાઃ-

(૧)ભૂતપૂર્વ સમાજકલ્યાણ વિભાગનો તા.૨૧/૧૦/૧૯૮૭ નો ઠરાવ ક્રમાંક-એસ.સી.ડબલ્યુ/ ૧૦૮૭/મુમ.૧૨૪૭/જ

(૨)ભૂતપૂર્વ સમાજકલ્યાણ વિભાગનો તા.૧૪/૧૦/૯૯ નો ઠરાવ ક્રમાંક-એસ.સી.ડબલ્યુ/ ૧૦૯૮-નબા-૧૬-ગ

(૩)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૩/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક-અજાક/ ૧૩૦૬-નબા-૧૦-ગ

ઠ રા વ

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટ લાયસન્સ તાલીમ માટે લોન આપવાની યોજના અમલમાં છે. આમુખમાં ક્રમ(૧) સામે દર્શાવેલ તા.૨૧-૧૦-૧૯૮૭ ના ઠરાવની શરત નં.(૧૦) મુજબ હાલ આ લોન સરકાર કક્ષાએથી મંજૂર કરવાની જોગવાઈ છે. ઉકત શરતમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આમુખમા ક્રમ-(૧) સામે દર્શાવેલ તા.૨૧/૧૦/૧૯૮૭ ના ઠરાવની શરત નં.(૧૦) માં આથી નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

શરત નં.(૧૦): અરજદારે તેમની સંપૂર્ણ વિગતો અને પ્રમાણપત્રો સાથેની અરજી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગરને નિયત કરેલ બાંહેધરીપત્રક (Agreement) તથા જરૂરી જામીનખત સાથે મોકલી આપવાની રહેશે. નિયામકશ્રીએ અરજદારની અરજીની સંપૂર્ણપણે ચકાસણી કરીને નિયમોનુસાર મળવાપાત્ર લોન મંજુર કરવાની રહેશે.

ઉપર મુજબના સુધારા સિવાયની યોજનાના ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શ્રીમતિ એસ. આર. ભુરીયા )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
- માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
- સર્વે સમાજકલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
- તિજોરી અધિકારી ગાંધીનગર
- વિભાગની સર્વે શાખાઓ
- પસંદગી ફાઈલ